सत्यमेव जयते

# गुजरातराज्यसंस्कृतबोर्ड
# शिक्षणविभागः, गुजरातसर्वकारः
# Gujarat State Sanskrit Board
# Education Department, Government of Gujarat

ક્રમાંક:ગુ.રા.સ.બો/૨૦૨૬-૨૭/૯૨૩૨-૯૩૨૭ તા.23/0૯/૨૦૨૬

પ્રતિ,

(૧)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

(૨)જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

(૩)રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટી

વિષય: **"શ્રીમદ્ ભગવદ્ ગીતા"** પ્રકલ્પના રજીસ્ટ્રેશન પ્રક્રિયા વધારવા બાબત.

સંદર્ભ:(૧) તા.૧૮/૦૯/૨૦૨૬ના રોજ **"શ્રીમદ્ ભગવદ્ ગીતા" ની** રાજ્યસ્તરીય સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ

મહોદયશ્રી,

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના શ્રેષ્ઠ સંકલ્પોમાંથી એક ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ" ની રચના તા: ૨૬/૧૦/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:સસક/૧૦૧૯/૧૧૪/છ થી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને ગુજરાત સરકારની સંસ્કૃત સંબંધિત નીતિઓ અને યોજનાઓના અમલીકરણ કરવાનો વિશેષાધિકાર પ્રાપ્ત છે.

હાલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની ઉચ્ચસ્તરીય સમિતિના અધ્યક્ષ તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રેરણાદાયક નેતૃત્વ હેઠળ યોજાયેલી પ્રથમ બેઠકમાં સંસ્કૃતના પુનરુત્થાન, પ્રસાર-પ્રચાર અને વ્યાપક વિકાસ માટે **"યોજનાપ્રકલ્પ"** અંતર્ગત વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેના પરિણામે ગુજરાતના સંસ્કૃત શિક્ષણક્ષેત્રે નવી દિશા અને ઊર્જાનો વિકાસ થયો છે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને વિકાસ અર્થે કાર્યરત છે. જેને અનુલક્ષીને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ હાલ ૭(સાત) વિવિધ પ્રકલ્પો પર કાર્યરત છે. તે પૈકી વૈશ્વિક ગ્રંથનાં મૂલ્યોના જન-જન સુધી પ્રચાર-પ્રસાર અર્થે **"શ્રીમદ્ ભગવદ્ ગીતા"** અંતર્ગત **"ગીતાંશકંઠપાઠ"** પ્રકલ્પ છે.

ઉપરોક્ત **"શ્રીમદ્ ભગવદ્ ગીતા"** પ્રકલ્પનું સુચારુ આયોજન અને અમલીકરણ હેતુ વર્ષ ૨૦૨૬-૨૭ની તમામ આનુસંગિક તૈયારીના ભાગરૂપે તા.૧૮/૦૯/૨૦૨૬ના રોજ **"શ્રીમદ્ ભગવદ્ ગીતા" તથા "શત શુભાષિત કંઠપાઠ"ની** રાજ્યસ્તરીય સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

**જેમાં "શ્રીમદ્ ભગવદ્ ગીતા" પ્રકલ્પ અન્વયે નીચેની વિગતોની સૂચના અને માહીતી પ્રસારીત કરવાની થાય છે.**

- **ગીતાંશકંઠપાઠ યોજનાની ગૂગલ ફોર્મ ભરવાની અવધી તા.૧૫ ઓક્ટોબર સુધી રહેશે.**
- **૧૯મી ડીસેમ્બર-૨૦૨૬ના રોજ પ્રત્યેક જિલ્લામાં જિલ્લા સ્તરીય ગીતા જયંતીના કાર્યક્રમની ઉજવણી કરવી**

ઉપરોક્ત વિગતો મુજબ આ પ્રકલ્પનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે આશયથી દરેક અધિકારીશ્રી, કર્મચારીશ્રી, વિધાર્થીઓ, નિવાસી છાત્રાલય, દરેક આ યોજના સાથે જોડાય તે અપેક્ષિત છે. દરેક પ્રતિભાગી આ પ્રકલ્પમાં ભાગ લઈ શકશે,યોજનાનાં અમલીકરણ માટે માહિતી અને રજીસ્ટ્રેશન વગેરે વિગતો આપેલ છે. આનુસંગિક કાર્યવાહી કરી જરૂરી આયોજન અને અમલ સુચારુ રૂપે થાય તે બાબતની વિશેષ કાળજી લઈ પ્રકલ્પના અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

**નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની મળેલ મંજુરી અન્વયે**

બિડાણ:(૧)રજીસ્ટ્રેશન લિંક: **શ્રીમદ્ ભગવદ્ ગીતા – ગીતાંશકંઠપાઠ:** https://forms.gle/KhDXTKhFfsT1fuDS8

❖ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,ગાંધીનગરની વિવિધ યોજનાઓની માહિતી બોર્ડની વેબસાઈટ grsb.gujarat.gov.in પર જોવા મળશે.

(ડૉ.સંદીપ ભટ્ટ)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,
ગાંધીનગર.

Swami Vivekanand Vidhya Vihar Sankul Near G-3 Circle , Sector-12, Gandhinagar, Gujarat - 382016

- નકલ રવાના :

સંસ્કૃત નોડલ અધિકારીશ્રી, તમામ (પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને યુનિવર્સીટી કક્ષા)